તારીખ :30/10/2018 વિષય : ગુજરાતી ગુણ : 80
વાર : મંગળવાર ધોરણ : 8 (પ્રથમ સત્ર) સમય : 2:00 થી 5:00

---

પ્રશ્ન 1. સાચો વિકલ્પ શોધી પ્રશ્નોના ઉત્તર લખો. (6)

(1) નીચેનામાંથી કયો શબ્દ અલગ પડે છે?

A. કાયા B. શરીર C. માયા D. તન

(2) બાળકના ક્ષેમકુશળ માટે માતાના મુખેથી કયો શબ્દ વારંવાર સરી પડે છે?

A. ખમ્મા B. ઓવારણાં C. સાચવજે D. અભાગી

(3) ખેડૂત ધોરીડાને તૈયાર કરે છે કારણ કે.....

A. વરસાદ થંભી ગયો છે. B .વરસાદ આવવાની તૈયારી છે.

C .વરસાદ પડી રહ્યો છે. D. વરસાદની ઋતુ છે.

(4) સૂરજ: સૂર્ય: મહેનત..................?

A. મહાનતા B. શ્રમ C. શ્રમિક D. મહેનત

(5) આંગળીના છેડાનો ભાગ એટલે?

A. તર્જની B. ટેરવું C. વેઢો D. નખ

(6) 'ખુલ્લા ખેતર અડખે પડખે માથે નીલું આભ' આ પંક્તિમાં 'અડખે પડખે' એટલે?

A. આજુબાજુ B. આ પાર કે પેલી પાર

C. અંદર-બહાર D. આગળપાછળ

(બ) જોડકાં જોડો. (4)

| (અ) | (બ) |
|---|---|
| 1. એક જ દે ચિનગારી | 1. ઊર્મિકાવ્ય |
| 2. ધૂળિયે મારગ | 2. ધૂમકેત |
| 3. તને ઓળખું છું મા | 3. પ્રાર્થના ગીત |
| 4. જુમો ભિસ્તી | 4. મનોહર ત્રિવેદી |

(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (5)

એક જ દે ચિનગારી.................ન ફળી મહેનત મારી.

પ્રશ્ન 2. (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યમાં લખો. (6)

(1) વિશળદેવ કઈ આપત્તિથી ચિંતાતુર હતા?

(2) મંદોદરખાનની કઈ વિનંતીથી ગામલોકો શાંત પડ્યા?

(3) ફળ વેચનાર માણસમાં કઈ ઉદારતા જોવા મળે છે?



Scanned by CamScanner

(બ) સવિસ્તર ઉત્તર લખો. (ગમે તે બે) (8)

(1) દેવળિયા ગામમાં ધૂળેટીની ઉજવણી કેવી રીતે થઈ રહી હતી?

(2) જુમાની જગ્યાએ તમે હો તો શું કરો?

(3) રાજાએ જગડુશાને શા માટે તેડાવ્યા?

(ક) કારણો આપો. (6)

(1) વિધાનસભાને ધારાસભા પણ કહેવામાં આવે છે કારણ કે....

(2) જુમાના પ્રયત્નો છતાં વેણુ બચી ન શક્યો કારણ કે......

(3) મહેમાને રંગાવાની ના પાડી કારણ કે....

પ્રશ્ન ૩. સૂચના પ્રમાણે લખો.

(1) સંધિ છૂટી પાડો. (2)

1.દયાનંદ 2. વિદ્યાર્થી

(2) અલંકાર ઓળખો. (2)

1. વિનય વિરાટ કોહલી જેવો ખેલાડી છે.

2. રાધનપુરની રીના રમતાં-રમતાં રડી !

(3) વાક્યના પ્રકાર ઓળખાવો. (2)

1. જુમાથી સવારમાં ફરવા નીકળાયું.

2. મહાનલે એક ચિનગારી આપી.

(4) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (2)

1. ઢોરને ખવડાવવામાં આવતી એક વનસ્પતિ

2. પ્રજા પર પ્રેમ રાખનાર

(5) વાક્યમાં લીટી દોરેલા વિશેષણના પ્રકાર ઓળખાવો. (2)

1. અંજલિ પરીક્ષામાં <u>પ્રથમ</u> નંબરે આવી છે.

2. મે'માને <u>સફેદ</u> રંગનાં લૂગડાં પહેર્યાં હતાં.

(6) કહેવત અથવા રૂઢિપ્રયોગનો અર્થ આપો. (1)

'પારકી આશ સદા નિરાશ' **અથવા** ઢીલા ઢસ થઇ જવું.

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.. (2)

1. પ્રભાત 2. શશી

(8) સાચી જોડણી લખો. (ગમે તે બે) (2)

1. પરીસ્થીતિ 2. ચીનગારિ 3. હીદુસતાન

પ્રશ્ન 4. (અ) NMMS (નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોલરશિપ) ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમારા મિત્રને અભિનંદન આપતો પત્ર લખો. (5)



Scanned by CamScanner

(બ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (10)

1. મા તે મા

2. સ્વચ્છ ભારતમાં મારી ભૂમિકા

3. મેં કરેલ પ્રવાસ

**પ્રશ્ન 5. (અ) નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના ઉત્તર લખો.** (5)

એક દિવસ સવારે પાંચ વાગ્યે આ પ્રમાણે બંને ફરવા નીકળ્યાં. જુમાનો વિચાર હતો કે પાડો થોડું ઘણું ચરે તો સારું, પણ વેણુને એમ લાગ્યું કે બહાર ખાતા ફરવું એ ગૃહસ્થાઈનાં લક્ષણ નહીં! એટલે જુમો ખવડાવવાનું કરે તો પણ પાડો રણકીને સામો ઊભો રહે અને 'ના, નહીં ખાઉં' એમ સ્પષ્ટ સંભળાવી દે!

અંતે જુમો થાક્યો: " ચાલ ત્યારે, ઘરે જઈને ખાજે. તને પણ લાડ કરવાની ટેવ પડી છે! " વિજય થયો હોય તેમ પાડો આનંદમાં રણક્યો. પોતાના પૂંછડાને બરડા પર પછાડ્યું ને જુમાની સામે જોઈ કાન ફફડાવી 'રણક' કરતો તે ચાલ્યો. જીતના આનંદમાં પહેલાં તો એ થોડુંક દોડ્યો.

**પ્રશ્નો:**

(1) વેણુ કોને ગૃહસ્થાઈનાં લક્ષણ ગણતો ન હતો?

(2) વેણુ અને જુમો સવારમાં ક્યાં નીકળતા હતા?

(3) પાડાએ પૂંછડાને કેમ પછાડ્યું?

(4) વેણુ શાના કારણે આનંદમાં આવી ગયો?

(5) વેણુને શું કરવાની ટેવ પડી ગઈ?

**(બ) પાત્રાલેખન કરો. (ગમે તે બે)** (4)

1. શેઠ જગડુશા 2. રાજા વિશળદેવ 3. જુમો ભિસ્તી

**(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) મહેનત ફળવી એટલે શું?

(2) જગડુશાની સરખામણી કયા દાનવીર સાથે કરી શકાય ? કેમ?

(3) કુંવરનું મૃત્યુ શી રીતે થયું?

(4) ગાંધીનગરને ગ્રીનસિટી તરીકે કેમ ઓળખવામાં આવે છે?

(5)



Scanned by CamScanner